
## હરિની દ્રષ્ટિ...
- હરિન ભટ્ટ



ના સાહેબ, મારો દિકરો ઉચ્ચ અભ્યાસ નથી કરતો પરંતુ ટાવર ન પકડાવાનાં કારણે ઊંચે ચડીને અભ્યાસ કરે છે...!!

# ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ના પરિણામ માટે માર્કશીટનું માળખુ જાહેર કર્યું

**ધોરણ-૧૦ના પરિણામના ૫૦, ધો.૧૧ના પરિણામના ૨૫ અને ધોરણ-૧૨ની આંતરિક પરીક્ષાના ૨૫ માર્ક અપાશે**

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત શિક્ષણ બોર્ડે ધો.૧૨ના પરિણામની માર્કશીટનું માળખુ જાહેર કર્યું છે. આ ફોર્મ્યુલા પ્રમાણે ધો.૧૦ના પરિણામના ૫૦ માર્ક્સ, ધો.૧૧ના પરિણામના ૨૫ માર્ક્સ તેમજ ધો.૧૨ની સામયિક અને એકમ કસોટીના ૨૫ ગુણ ધ્યાનમાં લેવાશે. જુલાઈના બીજા અઠવાડિયામાં માર્કશીટ મળી જશે.

સીબીએસઈમાં ધોરણ ૧૦ની પરીક્ષાના કોઈપણ ત્રણ વિષયમાં મેળવેલા હાઈએસ્ટ માર્કમાંથી ૪૦% વેઈટેજ છે. જ્યારે ગુજરાત બોર્ડ એ તમામ વિષયોના માર્ક ગણીને તેને ૫૦% વેઈટેજ આપ્યું છે.

ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારે ધો. ૧૨ સાયન્સના ૧.૪૦ લાખ અને ૫.૪૩ લાખ સામાન્ય પ્રવાહના મળીને કુલ ૬.૮૩ લાખ વિદ્યાર્થીની પરીક્ષા રદ કરી માસ પ્રમોશન આપવાનો નિર્ણય કર્યો હતો.

| ક્રમ | વિગત | ગુણભાર |
|---|---|---|
| A | ધોરણ-૧૦ ના બોર્ડના વિષયવાર પરિણામના (વિષયવાર મેળવેલ ૭૦ ગુણ) આધારે ધોરણ-૧૨ ના જૂથ મુજબના વિષયમાં ગુણાંકન. (૭૧.૪૩%) | ૫૦ ગુણ |
| B | ધોરણ-૧૧ ના નિયમિત અભ્યાસ દરમિયાન યોજાયેલ ધોરણ-૧૧ ની પ્રથમ સામાયિક કસોટી (૫૦ ગુણ) અને દ્વિતીય સામાયિક કસોટી (૫૦ ગુણ) માંથી મેળવેલ કુલ ગુણના સરેરાશ ગુણના આધારે ગુણાંકન (૫૦%) | ૨૫ ગુણ |
| C | શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ દરમિયાન યોજાયેલ ધોરણ-૧૨ ની પ્રથમ સામાયિક કસોટી (૧૦૦ ગુણ) અને વર્ષ દરમિયાન યોજાયેલ વિષયવાર એકમ કસોટી (૨૫ ગુણ) એમ કુલ ૧૨૫ ગુણમાંથી મેળવેલ ગુણના આધારે ગુણાંકન (૨૦%) | ૨૫ ગુણ |
| | કુલ | ૧૦૦ ગુણ |

## ધોરણ ૧૦ અને ૧૨ના રિપીટર વિદ્યાર્થીઓનો નિર્ણય લેવાયો નથી

ધોરણ ૧૦માં ૧૨.૫૦ લાખ કરતાં વધુ વિદ્યાર્થીઓ અને ધોરણ ૧૨માં ૫.૫૦ લાખ કરતાં વધુ વિદ્યાર્થી છે, જેમાંથી ધોરણ ૧૦માં રેગ્યુલર ૮.૫૦ લાખ જેટલા વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યું છે. જ્યારે ૪ લાખ જેટલા વિદ્યાર્થીઓ માટે હજુ કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી, જ્યારે ધોરણ ૧૨ના રિપીટર વિદ્યાર્થીઓ માટે પણ કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. હાલ સરકાર ધોરણ ૧૦ અને ૧૨માં માસ પ્રમોશન આપેલા વિદ્યાર્થીઓને કઈ રીતે પરિણામ આપવું તથા કઈ રીતે આગળ પ્રવેશ આપવો એને લઈને મૂંઝવણમાં છે. રેગ્યુલર વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં તો આવ્યું છે, પરંતુ આગળ કઈ રીતે લઈ જવા એ અંગે હજુ નિર્ણય કર્યો નથી. ત્યારે પરિણામ અને પ્રવેશ અંગે વ્યવસ્થા અને નિર્ણય કરવામાં આવશે, એ બાદ જ રિપીટર વિદ્યાર્થીઓ માટે નિર્ણય કરવામાં આવશે.

## ખૂણેખાંચરેથી

- રાજયના આરોગ્ય કમિશનર શિવહરેએ આજે જિલ્લાઓ સાથે વિડીયો કોન્ફરન્સ યોજી અને કોવિડની સ્થિતિ તેમજ વેક્સિનેશન અભિયાન સઘન બનાવવા પર ભાર મુક્યો હતો.
- રાજ્યના મહિલા અને બાળ વિકાસ કમિશનરે પણ આજે જિલ્લાઓ સાથે બેઠક યોજી અને વિવિધ અમલી યોજનાઓની સમીક્ષા કરી હતી.
- જિલ્લાના આરોગ્યતંત્રમાં ગાડીઓના ભાડાને લઈ આજે ગાડીઓ ચલાવતા સૌએ નાયબ જિલ્લા વિકાસ અધિકારી વદરને મળી રજુઆત કરી હતી.
- દહેગામ તાલુકા પંચાયતના પદાધિકારીઓ આજે ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આવ્યા હતા. તેમણે વિવિધ શાખાઓના અધિકારીઓને મળી તાલુકાના પ્રશ્નો રજુ કર્યા હતા.
- કેન્દ્રીય ગૃહમંત્રી ૨૦મીએ કલોલ એ.પી.એમ.સી.ના નવા મકાનનું લોકાર્પણ કરશે.
- કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહના પ્રવાસને લઈ તંત્ર દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.
- ગાંધીનગર શહેરમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાઈ જવાની ફરિયાદો ઉઠી છે અને વાહકજન્ય રોગચાળો થવાનો ભય લોકોને સતાવી રહ્યો છે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૦૬૨ લોકોને વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- ગાંધીનગર શહેરમાં આજે ૩૬૦૦ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

## રવિવારે આર્ષ પ્રવચન માળામાં "વ્યવહારિક પ્રવૃત્તિ અને અધ્યાત્મ સાધના અંગે પ્રવચન

ગાંધીનગરના અક્ષરધામ ખાતેના આર્ષ દ્વારા ત્રૈમાસિક પ્રવચનમાળા પ્રવચન-૯૬ અંતર્ગત તા. ૨૬મી જૂન રવિવારે સાંજે ૫ થી ૭ કલાક દરમ્યાન ચિંતન તત્વજ્ઞાન વિષયે ઓનલાઈન પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું છે. "વ્યવહારિક પ્રવૃત્તિ અને અધ્યાત્મ સાધના" શિર્ષક અંતર્ગત યોજવામાં આવેલા આ ઓનલાઈન પ્રવચનમાં સારંગપુર બીએપીએસ સંસ્કૃત મહા વિદ્યાલયના પ્રાચાર્ય તથા વેરાવળની શ્રી સોમનાથ સંસ્કૃતિ યુનિવર્સિટીના દર્શન વિભાગાધ્યક્ષ પૂ. આત્મતૃપ્તદાસ સ્વામી મુખ્ય વક્તા પદે પ્રવચન આપશે જ્યારે બ.પુ. તત્વજ્ઞાનના વ્યાખ્યાતા વેદાંતાચાર્ય પૂ. વિવેકસાગરદાસ સ્વામી આશિર્વચન પાઠવશે.

## આત્મહત્યા કરવા રેલ્વેટ્રેક પર પહોંચેલા નવસારીના યુવકનો 'જીવન આસ્થા'એ જીવ બચાવ્યો

ગાંધીનગર, તા. ૧૭

આજના સ્પર્ધાત્મક અને મોંઘવારીના યુગમાં માનવી અનેક પ્રકારની માનસિક અને કૌટુંબિક સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે અને જો તેમાં નાસીપાસ થઈ જાય તો પોતાનું જીવન ટુંકાવવા સુધીનું પગલું ભરતા પણ ખચકાચો નથી જેના કારણે દિન-પ્રતિદિન આત્મહત્યાના કિસ્સા વધતા જઈ રહ્યા છે. આ પ્રકારે કૌટુંબિક કંકાસથી કંટાળેલા નવસારીનો એક યુવક રેલ્વે ટ્રેક પર આત્મહત્યા કરવાના ઈરાદે પહોંચ્યો હતો પરંતુ છેલ્લી ઘડીએ તેણે ગાંધીનગર કન્ટ્રોલ રૂમથી સંચાલિત જીવન આસ્થા હેલ્પલાઈનને કોલ કરતાં તે કોલ તેના માટે જીવન બચાવનારો સાબિત થયો હતો.

ઘટનાની વિગતમાં ગઈકાલે જીવનઆસ્થા હેલ્પલાઈન પર એક યુવકનો કોલ આવ્યો હતો જેમાં તેના પત્ની સાથે થયેલા ઘરકંકાસને લીધે રેલવેટ્રેક પર આત્મહત્યા કરવાના ઈરાદે કોલ કરનાર યુવક રેલવે ટ્રેક પર હોવાનું જણાવતા હેલ્પલાઈનના કાઉન્સીલર દ્વારા તેમને સતત કોલ ચાલુ રાખી કાઉન્સીલીંગ થકી આત્મહત્યા નહી કરવા સમજાવવામાં આવ્યુ હતુ. આ સાથોસાથ પોલીસ કંટ્રોલ રૂમ દ્વારા તેમનું લોકેશન મેળવી તાત્કાલિક ગાંધીનગર પોલીસ કન્ટ્રોલરૂમ દ્વારા નવસારી પોલીસને જાણ કરાતા તાત્કાલિક પીસીઆર વાન સ્થળ પર પહોંચી આત્મહત્યા કરવા આવેલ વ્યક્તિને શોધી કાઢી રેસ્ક્યુ કરી તેમના ઘેર પરત મોકલી આપવામાં સફળતા પ્રાપ્ત થઈ હતી. આમ જીવનઆસ્થા હેલ્પલાઈનના કાઉન્સીલરની સતર્કતા તથા પોલીસ કંટ્રોલરૂમ તથા નવસારી પોલીસની ત્વરીત કામગીરીથી એક વ્યક્તિને આત્મહત્યા કરતા રોકવામાં સફળતા મળી હતી. જીવનઆસ્થા હેલ્પલાઈનના લાયઝન અધિકારી પી.સી. વલેરાના જણાવ્યા અનુસાર છેલ્લા થોડા સમયથી આર્થિક તેમજ કૌટુંબિક સમસ્યામાં મદદ માંગતા તથા આત્મહત્યાના વિચારો આવતા લોકોના કોલ્સની સંખ્યામાં ઘણો વધારો જોવા મળે છે. જીવનઆસ્થા હેલ્પલાઈન દ્વારા દરેક કોલ્સમાં જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે. પોલીસ અધિક્ષક મયુર ચાવડા દ્વારા હેલ્પલાઈનના કાઉન્સીલર તથા પોલીસ કન્ટ્રોલરૂમની ઉમદા કામગીરીને બીરદાવવામાં આવી હતી.

# ચ-૫ પાસે સ્વીગીના ડીલીવરી બોયને ત્રણ યુવકોએ માર માર્યો

ગાંધીનગર,તા.૧૭

શહેરના સેકટર-૧૭ ચ-૫ કોર્નર પાસે સ્વીગીની ડીલીવરી કરતો યુવક ઉભો રહ્યો હતો. તે સમયે ત્રણ યુવકો તેની પાસે આવ્યા હતા અને તુ મને ઓળખે છે કહીને માથાકુટ કરી હતી. ત્યારે એક હોમગાર્ડ જવાન પણ આ માથાકુટ અટકાવવાની જગ્યાએ મારો ભાઈ છે તેમ કહીને ઝઘડો કરી મારામારી કરી હતી. બનાવ અંગે જય પરમારે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબગાંધીનગર શહેરના સેકટર-૧૪ ખાતે જય પરમાર રહે છે અને સ્વીગીમાં ફુડ ડીલીવરી તરીકે કામ કરે છે. તે ચ-૫ પાસે ઉભો હતો તે સમયે ત્રણ યુવકો તેની પાસે આવ્યા હતા અને તુ સેકટર-૧૪ માં રહે છે. મને ઓળખે છે ત્યારબાદ જયે ના પાડતા કહ્યુ કે તુ ધવલ સાધુને ઓળખે છે. જેથી જયે હા પાડતા ત્રણ શખ્સો તેને માર મારવા લાગ્યા હતા. આ મારામારી સમયે એક કાર ઉભી રહેતા ત્રણેય ભાગવાની કોશીશ કરતા હતા તેમાથી બે ઝડપાઈ ગયા હતા અને એક બાઈક લઈને નાસી છુટ્યા હતો. તે સમયે એક પોલીસનું વાહન આવ્યું હતું તેમાં હોમગાર્ડ જવાન હતા. તેમાં એક મારામારી કરતા યુવકનો ભાઈ હતો. ત્યારે ચાલુ ફરજે હોમગાર્ડના જવાને સમાધાન કરાવવાની જગ્યાએ મારામારીમાં સાથ આપ્યો હોવાનું સામે આવ્યું છે. જયારે જય પરમારના ભાઈના માથાના ભાગે કડુ વાગતા ઈજા પહોંચી હતી. જયારે કાકાના દિકરાને પણ કાનના ભાગે વાગ્યું હતું. જેથી જય પરમારે પોલીસ મથકે જયરાજ, કિશન પરમાર, લાલસિંહ અને સુનિલસિંહ અને તેમજ અન્ય એક યુવક સામે પોલીસ ફરીયાદ નોંધાવી છે.

## કેએસવી અને સર્વ વિદ્યાલય ઈનોવેશન ફાઉન્ડેશન દ્વારા ફંડ બૂસ્ટર ૧.૦નું આયોજન

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય અને સર્વ વિદ્યાલય ઈનોવેશન ફાઉન્ડેશન દ્વારા ગુજરાત રાજ્યના સહયોગથી બેદિવસીય ઓનલાઈન ઈવેન્ટ ફંડ બૂસ્ટર ૧.૦નું તા.૧૦ અને ૧૧ જૂનના રોજ કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટ દ્વારા નવા સ્ટાર્ટઅપને ગૌરવ પૂર્ણ સંસ્થા સાથે જોડાવાની સુવર્ણ તક પ્રાપ્ત થઈ હતી જેમાં ૧હજાર કરોડનું ફંડ ધરાવતી મુંબઈ એંજલ, ૯ યુનિકોર્ન જે વિશ્વમાં ૩જા ક્રમે આવે છે, એઆઈએફ જેની ૫૦૦ કરોડથી વધુ મિલ્કતો છે તેવી સંસ્થાઓએ આ ઈવેન્ટમાં ભાગ લીધો હતો.

સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલ દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું અને સર્વ વિદ્યાલય ઈનોવેશન ફાઉન્ડેશનના સીઈઓ ડો ભાવિન પંડ્યા દ્વારા ઈવેન્ટનો હેતુ અને આંતરરાષ્ટ્રીય સ્તરે મળવા પાત્ર લાભ અને નાણાકીય સહાયની માહિતી આપી હતી. આ પ્રસંગે ઔદ્યોગિક કમિશનર ડી. આર.પરમાર, જીવીએફએલના



એમડી દુ:ખબંધુ રથ, બીઝનેસ ડેવલપમેન્ટ ડીજીએમ આનંદ ચારી, ૯ યુનિકોર્નમાંથી સોહમ આલવાણી, એપેક્ષ ફંડના સીઈઓ મંદાર મ્હાત્રે સહિત વિવિધ મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા જેઓએ તેમના અનુભવનો નિચોડ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ભારતના ૬થી વધુ રાજ્યોમાંથી ૬૦થી વધુ સ્ટાર્ટ અપ્સ આવ્યાં હતા.

## છેતરપિંડીના ગુનામાં દોઢ વર્ષથી નાસતી ફરતી મહિલા ઝડપાઈ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરમાં વિદેશ જવા માટે ઈચ્છુક વ્યકિતઓને વર્ક વિઝા અપાવવાના બહાને લાખો રૂપીયાની છેતરપિંડીના નોંધાયેલા ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી નાસતી ફરતી મહિલાને એલસીબી-૨ ની પોલીસે અલઅસબાબ પાર્ક જુહાપુરાથી ઝડપી પાડી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ફરીયાદીને ન્યુઝલેન્ડના વર્ક વીઝા અપાવવાના બહાને પેથાપુર જૈન દેરાસર પાછળ રહેતી શાહીના પઠાણ અને અન્ય બે સભ્યોએ લાલચ આપી ફસાવ્યો હતો. જયારે ફરીયાદીના સાળાને પણ ત્રિપુટીએ કબુતરબાજીમાં ફસાવ્યો હતો. વિઝાના બહાને પૈસા પડાવ્યા બાદ વીઝા ન આવતા ફરીયાદીએ પૈસાની ઉઘરાણી કરી હતી. જયારે પૈસા તો ત્રિપુટી પરત કરતી ન હતી પરંતુ ઓરીજીનલ પાસપોર્ટ પણ આપતા ન હતા. જેથી વર્ષ ૨૦૧૯માં આ ત્રણ સભ્યો સામે ફરીયાદ સેકટર-૭ પોલીસ મથકે નોંધાઈ હતી. પોલીસે ઉંડાણપૂર્વક તપાસ કરતા ફરીયાદી સહિત અન્ય નાગરીકો પણ આ ટોળકીનો ભોગ બન્યા હતા. લાખો રૂપીયાનું ફુલેકુ ફેરવારના ટોળકી સામે અન્ય પોલીસ મથકે પણ કેસ નોંધાયા હતા.

પોલીસ ધરપકડથી બચવા માટે ગાંધીનગર કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી.જે અરજી કોર્ટે તા.૨૫ ફેબ્રુઆરી ૨૦૨૦ ના રોજ ના મંજુર થઈ હતી.ત્યારે છેલ્લા દોઢ વર્ષથી શાહીના અલતાફ પઠાણ પોલીસથી નાસતી ફરતી હતી. જેને ક્રાઈમ બ્રાંચના પીઆઈ એચ.પી.ઝાલા ના માર્ગદર્શન હેઠળ જમાદાર દિલિપસિંહની બાતમીને પગલે આધારે અમદાવાદના અલઅસબાબ પાર્ક સરખેજ જુહાપુરા રોડ મકરબાથી પકડી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# શંકરસિંહ અને ભરતસિંહ સોલંકીની બંધ બારણે બેઠક

**બાપુની થશે કૉંગ્રેસમાં વાપસી ? : સોલંકી સાથે બેઠક ભલે થઈ પણ બાપુ કૉંગ્રેસમાં જોડાશે કે નહીં તે અંગેનો નિર્ણય દિલ્હીમાં બેઠેલા હાઇકમાન્ડ કરશે**



ગાંધીનગર,તા.૧૭

ગુજરાતમાં આગામી વિધાનસભા પહેલા અત્યારથી જ રાજકારણ ગરમાયું છે. ભાજપ અને કૉંગ્રેસ દ્વારા વિધાનસભાની ચૂંટણી માટે રણનીતિ તૈયાર થઈ રહી છે. ત્યારે રાજયના પૂર્વ મુખ્યમંત્રી અને દિગ્ગજ નેતા શંકરસિંહ વાઘેલાની કૉંગ્રેસમાં ફરીથી ઘરવાપસી થવાના ભણકારા વાગી રહ્યાં છે.

બાપુ કૉંગ્રેસનાં નેતા ભરતસિંહ સોલંકી સાથે બંધ બારણે બેઠક કરી રહ્યાં છે. જોકે, બાપુ કૉંગ્રેસમાં જોડાશે કે નહીં તે અંગેનો આખરી નિર્ણય તો દિલ્હીમાં બેઠેલા હાઈકમાન્ડ જ કરશે. બાપુ તરીકે ઓળખાતા શંકરસિંહ વાઘેલા ફરી એકવાર કૉંગ્રેસમાં જોડાય તેના ભણકારા વાગી રહ્યાં છે. બુધવારે શંકરસિંહ વાઘેલાએ ગુજરાત કૉંગ્રેસના દિગ્ગજ નેતા ભરતસિંહ સોલંકી સાથે મુલાકાત કરી હતી. જે બાદ બાપુ કૉંગ્રેસમાં જોડાવવા તત્પર છે તે અંગેની અટકળો તેજ બની છે. આ પહેલા પણ બાપુ જ્યારે ખેડૂત આંદોલનના સમર્થનમાં દિલ્હી ગયા હતા ત્યારે બંધ બારણે કૉંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી સાથે તેમની મુલાકાત થઈ હોવાની માહિતી સામે આવી હતી. બાપુ ભરતસિંહનાં પિતા માધવસિંહને શ્રદ્ધાંજલિ આપવા ગયા હતા. જે બાદ ત્રણવાર બાપુની ભરતસિંહ સાથે મુલાકાત થઈ ચૂકી છે. રાજીવ સાતવના નિધન બાદ ગુજરાત કૉંગ્રેસના પ્રભારીની નિયુક્તિ બાકી છે આ સાથે અહમદ પટેલના નિધનથી રાજકીય ક્ષેત્રે એક સ્ટ્રેટેજિક શૂન્યવકાશ જરૂરથી પડ્યો છે. ત્યારે બાપુને આમાંથી એકાદ રોલ મળી શકે તેમ પણ માનવામાં આવી રહ્યું છે. બાપુને કૉંગ્રેસમાં લાવવા અંગે પ્રદેશ કૉંગ્રેસનું એક મોટું જુથ સક્રિય છે.

જોકે, આ અંગેનો નિર્ણય દિલ્હીમાં બેઠેલા હાઈકમાન્ડ જ કરશે. જોકે, ચર્ચા તો એવી પણ થઈ રહી છે કે, કૉંગ્રેસને તોડનારા શંકરસિંહ બાપુને ફરીથી હાઈકમાન્ડ પાર્ટીમાં સ્થાન નહીં આપે. નોંધનીય છે કે, આરએસએસમાંથી આવેલા અને ભાજપ તથા કૉંગ્રેસનાં નેતા રહી ચૂકેલા શંકરસિંહ વાઘેલાએ પહેલા બળવો કરીને ભાજપ છોડ્યું હતુ. બાપુએ ત્યારબાદ પોતાનો પક્ષ રાજપા બનાવ્યો હતો. જોક, રાજપામાં કાંઈ વધારે તક ન મળતા બાપુ ૧૯૯૯માં કૉંગ્રેસમાં જોડાયા હતા.

જે બાદ તેમણે શક્તિદળ બનાવ્યુ હતુ. જે બાદ ફરીથી બાપુ કૉંગ્રેસની ટિકિટ પર લોકસભા બેઠક પર ચૂંટણી જીત્યા હતા. કેંદ્રમાં યુપીએ વનની સરકારમાં કપડા મંત્રી રહ્યા હતા. શંકરસિંહ વાઘેલા ગુજરાત વિધાનસભામાં ૨૦૧૨થી ૨૦૧૭ સુધી વિપક્ષ નેતા પણ રહી ચૂક્યા છે. જે બાદ રાજ્ય સભાની ચૂંટણી સમયે ભાજપના બળવંતસિંહને સમર્થન આપીને બાપુએ કૉંગ્રેસને તોડી હતી. ત્યારે હવે ફરીથી બાપુ કૉંગ્રેસમાં જોડાવવા માટે તત્પર બન્યાં છે.

## આરટીઈના વિદ્યાર્થીઓને સ્કૂલના ગ્રુપમાંથી રિમુવ કરાતા વિવાદ

હજુ તો ચાલુ વર્ષનું શૈક્ષણિક સત્ર શરૂ જ થયું છે ત્યાં શાળાઓના સંચાલકો વિવાદમાં આવી રહ્યા છે. આવી જ એક ઘટના સેટેલાઈટમાં આવેલી આનંદ નિકેતન સ્કૂલમાં જોવા મળી છે. જ્યાં રાઈટ ટૂ એજ્યુકેશન હેઠળ પ્રવેશ મેળવેલ બાળકોને ઓનલાઈન અભ્યાસના ગ્રુપમાંથી રિમુવ કરી દેવાતા વિવાદ સર્જાયો છે. જે મામલે વાલીઓએ સ્કૂલ પર જઈ હોબાળો મચાવ્યો હતો. આ મામલે જિલ્લા શિક્ષણ અધિકારીને જાણ થતાં તેઓએ તાત્કાલિક અસરથી તપાસના આદેશ આપ્યા છે અને જો સ્કૂલની કોઈ ભૂલ જણાશે તો આરટીઈના એકટ અંતર્ગત કાર્યવાહી અને દંડાત્મક કાર્યવાહી કરવાના આદેશ આપવામાં આવ્યા છે. શહેરના સેટેલાઈટમા આવેલ આનંદ નિકેતન સ્કૂલની દાદાગીરી સામે આવી છે.

સ્કૂલ દ્વારા ગત વર્ષે આરટીઈ હેઠળ ધોરણ-૧માં પ્રવેશ લીધેલ બાળકોના એડમિશન ધોરણ-૨માં આવતા રદ કરી દેવામાં આવ્યાનો આક્ષેપ વાલીઓએ કર્યો છે. જેના પગલે વાલીઓ સ્કૂલ પહોંચ્યા હતા અને હોબાળો કર્યો હતો. જોકે આ મામલે સ્કૂલે વાલીઓને કોઈ જવાબ આપ્યો ન હતો. વાલીઓનું કહેવું છે કે નવું સત્ર શરૂ થતાં જ ઓનલાઈન કલાસ માટેના ગ્રુપમાથી ૨૮ વાલીઓને કાઢી નાખવામાં આવ્યા છે. અચાનક જ આ પગલાંથી વાલીઓ મૂંઝવણમાં મુકાયા છે. વર્ષ ચાલુ થયું ત્યારે જ સ્કૂલ દ્વારા આરટીઈ હેઠળના એડમિશન વિના કોઈ કારણે રદ કરવામાં આવ્યા છે. ગત વર્ષે એડમિશન લીધું ત્યારે વિદ્યાર્થીઓને એડમિશન અંગેની કોઈ રિસિપ્ટ આપવામાં આવી ન હતી. માત્ર સ્કૂલના વોટસએપ ગ્રુપમાં જ એડ કરવામાં આવ્યા હતા. ગૌરવ પ્રેસવાળા નામના વાલીએ જણાવ્યું કે તેમની દીકરીનું ગયા વર્ષે આરટીઈ હેઠળ સ્કૂલમાં એડમિશન થયું હતું જે માટે અમે રિસિપ્ટ માંગી હતી પરંતુ આપી ન હતી. ગયા વર્ષે શૈક્ષણિક કાર્ય ચાલુ થયું ત્યારથી અમને રેગ્યુલર ઓનલાઈન કલાસમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. ૨ દિવસ અગાઉ નવું શૈક્ષણિક કાર્ય શરૂ થયું પરંતુ અમને ગ્રુપમાંથી બહાર કરી દેવામાં આવ્યા છે.

## સે.૨૧માં ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટર પાસે સર્જાયું ગંદકીનું સામ્રાજય



ગાંધીનગર, તા. ૧૭

એક તરફ રાજ્ય સરકાર જૂન મહિનામાં મચ્છરમુક્ત મેલેરિયામુક્ત અંગે જાગૃતિ ફેલાવવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે ત્યારે ગાંધીનગરના સે.૨૧માં ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટરના મટન માર્કેટની પાછળ શૌચાલયની બાજુમાં પારાવાર ગંદકીનું સામ્રાજ્ય ખદબદી રહ્યું છે જેના કારણે આ વિસ્તારમાં માખી મચ્છરોનો ઉપદ્રવ વધી જવા પમ્યો છે અને રોગચાળો ફેલાવાની શક્યતા સર્જાવા પામી છે. ખૂબ જ ભીડભાડ અને મુલાકાતીઓની ભારે અવરજવર ધરાવતા આ સ્થળે ફેલાયેલી જોખમી ગંદકીને સત્વરે દુર કરવામાં આવે તેવી ગાંધીનગરના આકાશ સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ યુવા સામાજિક કાર્યકર નટવરસિહ ચૌહાણે રજૂઆત કરી છે.